
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



પુસ્તક ૩૩
અંક ૪ થો.
કાર્તિક.

આત્મ સં. ૪૦
વીર સં. ૨૪૬૨
રૂ. ૧-૪-૦

પ્રકાશક
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


૧ શ્રીમાન્ હેમચંદ્રાચાર્યવિરચિત વીતરાગસ્તુતિ. (ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ.) ૭૯
૨ શ્રી અરિહંતદેવનું સ્તવન ... ... (મુનિરાજ શ્રી બાલચંદ્રજી) ... ૮૨
૩ સત્યજ્ઞાનનું રહસ્ય ... ... ... (અનુવાદ)... ... ૮૩
૪ એક સતના અમૃત વચન ... ... (અભ્યાસી) ... ... ૮૫
૫ રત્નકણિકાઓ ... ... ... (વેલજી લાલજી વોરા) ... ૮૮
૬ પ્રતિબિંબ જિન પ્રતિમાઓ અને જૈન મંદિરોનું ચિત્ર દર્શન (રા. સુશીલ) ૮૯-૯૨
૭ ચાર કષાયો (મહાન્ તસ્કરો) (રા. રાજપાળ મગનલાલ વોરા.) ... ૯૩
૮ શ્રી આત્મારામજી શતાબ્દિ ... ... ... ... ... ૯૯
૯ સ્વીકાર-સમાલોચના. ... ... ... ... ... ... ૧૦૦
૧૦ સુધારો ... ... ... ... ... ... ... ૧૦૧
૧૧ વર્તમાન સમાચાર અને જીવનચરિત્ર માટે અભિપ્રાય ... ... ૬૦૨


## કલકત્તાવાળાના વિવિધ રંગોના મનોહર મોટી સાઇઝના ફોટાઓ.

| | |
|---|---|
| શ્રી નેમનાથસ્વામીના લગ્નનો વરઘોડો | ૦-૧૨-૦ |
| શ્રી મહાવીરસ્વામીનું સમવસરણ તથા શ્રેણિક રાજાની સ્વારી | ૦-૧૨-૦ |
| શ્રી કેસરીયાજી મહારાજ. | ૦-૮-૦ |
| શ્રી ચંદ્રગુપ્તના સોળ સ્વપ્ન. | ૦-૮-૦ |
| શ્રી ત્રિશલા માતાના ચૌદ સ્વપ્ન. | ૦-૮-૦ |
| શ્રી ગૌતમસ્વામી. | ૦-૮-૦ |
| શ્રી સમ્મેતશિખરજી સિદ્ધક્ષેત્ર. | ૦-૮-૦ |
| શ્રી રાજગિરિ પંચપહાડ. | ૦-૮-૦ |
| શ્રી ગૌતમ સ્વામી | ૦-૨-૦ |
| શ્રી નવપદ મંડળ | ૦-૪-૦ |
| ભરત ચક્રવર્તીને વૈરાગ્ય | ૦-૮-૦ |
| જ્ઞાનબાજી | ૦-૮-૦ |
| શ્રી ગિરનારજી. | ૦-૮-૦ |
| શ્રી રાજગિરિ. | ૦-૬-૦ |
| છ લેશ્યા. | ૦-૬-૦ |
| શ્રી મધુબિંદુ. | ૦-૬-૦ |
| પાવાપુરીનું જલમંદિર. | ૦-૮-૦ |
| **સમ્મેતશિખર તીર્થ ચિત્રાવળી સોનેરી બાઇન્ડીંગ સાથે.** | ૨-૮-૦ |
| જંબૂદ્વીપનો નકશો રંગીન. | ૦-૬-૦ |
| નવતત્વના ૧૧૫ ભેદનો નકશો. રંગીન | ૦-૨-૦ |
| શ્રી સિદ્ધચક્ર યંત્ર રંગીન બહુજ મોટી સાઇઝ | ૦-૬-૦ |
| શ્રી સિદ્ધચક્ર યંત્ર | ૦-૨-૦ |
| શ્રી ઘંટાકર્ણ યંત્ર | ૦-૪-૦ |

## શ્રી "આત્માનંદ" શતાબ્દિ મહોત્સવ પ્રસંગે ગુરૂભક્તિ નિમિત્તે અમારા દરેક સભાસદોને ભેટ

**શ્રી વિજયાનંદસૂરિ**—(શ્રી આત્મારામજી મહારાજ) નું જીવનચરિત્ર દરેક મેમ્બરોને ભેટ આપવાનું હોઈ તૈયાર થઇ ગયેલ છે. સ્થાનિક મેમ્બરોએ સભાએથી લઇ જવા અને બહાર ગામના મેમ્બરોએ પોસ્ટ ખર્ચના રૂા. ૦-૩-૦ ત્રણ આના મોકલી મંગાવી લેવા તસ્દી લેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

नमो विशुद्धधर्माय, स्वरूपपरिपूर्तये ।
नमो विकारविस्तार–गोचरातीतमूर्तये ॥ १ ॥

" સંપૂર્ણ જ્ઞાન–દર્શન–ચારિત્રાદિ વિશુદ્ધ ધર્મવાળા, સ્વસ્વરૂપની પૂર્ણતાને પામેલા અને વિકારોના સમૂહનો પાર પામેલા–એવા જે કોઈ મહાત્મા હોય તેને નમસ્કાર હો. "

ઉપમિતિભવપ્રપંચા કથા.

पुस्तक ३३ } वीर सं. २४६२. कार्तिक आत्म सं. ४०. { अंक ४ थो.

## વીતરાગસ્તવ–ભાષાનુવાદ.

### ચતુર્થ પ્રકાશ.

### દેવકૃત અતિશય.

મંદાક્રાંતા.

મિથ્યાત્વીને [1]પ્રલયરવિ સદ્દૃષ્ટિ–સુધાંજના જે,
તીર્થશ્રીના તિલકરૂપ તે ચક્ર અગ્રે વિરાજે;

૧ તીર્થંકર સંપદાના તિલકરૂપ ધર્મચક્ર જે અગ્રભાગમાં શોભે છે તે મિથ્યાદૃષ્ટિઓને પ્રલયકાળના સૂર્ય જેવું ઉગ્ર–પ્રચંડ લાગે છે, અને સમ્યગ્દૃષ્ટિઓને અમૃતાંજન સમું શીતલ લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



' સ્વામી એક ત્રિજગમહિં આ ' એમ ઉદ્‌ઘોષવાને,
ઇંદ્રે ઇંદ્રધ્વજ છલ[2] કરી તર્જની ઊર્ધ્વ જાણે! ૧–૨

જ્યાં જ્યાં ત્હારા પદ પદ ધરે ત્યાં સુરાસુરવૃંદ,
વેરે લક્ષ્મી કમલછલથી પદ્મસદ્મા[3] જિણંદ!
એકી સાથે ચઉવિધ અહો! [4]ધર્મ ઉદ્‌બોધવાને,
માનું છું હું ચઉમુખ પ્રભો! તું થયો હોય જાણે! ૩–૪

ત્રિદોષોથી* તું ત્રિભુવન ત્રાણાર્થ પ્રવૃત્ત થાતાં,
ત્રિપ્રાકારો[5] ત્રિભુવનપતિ! ત્રિદશોથી[6] રચાતા;
પૃથ્વીમાં તું વિભુ! વિહરતાં કંટકો થાય ઉંધા,
ભાનુ સામે ક્ષુદ્ર તિમિર વા શું ધરે મુખ ઉંચા? ૫–૬

કેશ શ્મશ્રુ[7] નખ પ્રમુખ ત્હારા [8]અવસ્થિત રહે છે,
ના તીર્થિકો અપર મહિમા બાહ્ય એવો લહે છે;

---

૨ અત્રે કવિ ઉત્પ્રેક્ષા કરે છે કે—' આ તીર્થંકર એક જ ત્રિભુવનના સ્વામી છે ' એમ કહેવાને જાણે ઇંદ્રે ઇંદ્રધ્વજના મ્હાને પોતાની તર્જની અંગુલિ (Index Finger) ઉંચી કરી હોયની!

૩ પદ્મ જેનું સદ્મ–ઘર–આવાસ છે તે, લક્ષ્મી.

૪ ઉત્પ્રેક્ષાલંકારઃ—ત્હારા ચાર મુખ છે તે જાણે દાન–શીલ–તપ–ભાવરૂપ ચતુર્વિધ ધર્મ એકી સાથે પ્રકાશવા માટે હોયની!

* ત્રિદોષથી ત્રિભુવનને બચાવવાને તું પ્રવૃત્ત થયો છે એમ સૂચવવાને જાણે ત્રણ નિકાયના દેવ ત્રણ ગઢ (સુવર્ણ, રજત અને રત્નમય) રચે છે! આ ઉત્પ્રેક્ષાનુવિદ્ધ અનુપ્રાસાલંકાર છે.

ત્રિદોષ=રાગ, દ્વેષ અને મોહ. અથવા મન–વચન–કાયાના દોષ. અથવા ત્રિદોષ એટલે સન્નિપાત=સત્+નિ+પાત=સત્ સ્વરૂપથી નીચે પડવું તે. તાત્પર્ય—જગત્‌ને ત્રિદોષ–સન્નિપાત થયો છે તેને બચાવવા તું તત્પર થયો છે.

૫ ત્રણ ગઢ. ૬ દેવતાઓથી. ૭ દાઢી.

૮ જે સ્થિતિમાં હતા તેમજ, જેમના તેમ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શબ્દ સ્પર્શ પ્રમુખ વિષયો પંચ ત્હારી સમીપે,
[૯]તાર્કિકોવત્ પ્રતિકૂલપણાને ભજે ના જરીકે. ૭-૮

એકી સાથે ઋતુ સહુ કરે તાહરી પાદસેવ,
જાણે બ્હીને* સતત સ્મરને સ્હાય દીધાથી દેવ!

દેવો ગંધોદક કુસુમની દિવ્ય વૃષ્ટિ કરીને,
પૂજે ભાવી[૧૦] તુજ ચરણ સંસ્પર્શ યોગ્યા મહીને. ૯-૧૦

પક્ષીઓયે નિરખી જગને દે પ્રદક્ષિણ ત્હારી,
તુંમાં [૧૧]વામાચરણ જનની રે! ગતિ શી થનારી?

પંચેંદ્રીનું તુજ સમીપમાં હોય [૧૨]દૌઃશીલ્ય શાને?
વાયુ એકેંદ્રિય પણ મૂકી દે પ્રતિકૂલતાને. ૧૧-૧૨

વંદે વૃક્ષો તુજ સુમહિમાથી ચમત્કાર પામી,
તેથી ત્હેનું શિર [૧૩]કૃતીજ મિથ્યાત્વીનું વ્યર્થ નામી;

---

૯ બૌદ્ધ, સાંખ્ય, નૈયાયિક, જૈમિનીય અને ચાર્વાક એ પંચ તાર્કિક દર્શનવાદીઓ જેમ શબ્દાદિ પંચ વિષયો તને પ્રતિકૂલ વર્ત્તતાં નથી.

* અત્રે કવિ ઉત્પ્રેક્ષે છે કે-પોતે અનાદિ કાળથી કામદેવને સહાયરૂપ થઇ હોવાના ભયને લઇને જાણે સર્વ ઋતુઓ એકી સાથે ત્હારી ચરણસેવા કરે છે!

૧૦ જ્યાં ત્હારો ચરણન્યાસ થવાનો છે તે ભૂમિને પણ દેવો સુગંધી જળ અને દિવ્ય પુષ્પવૃષ્ટિથી પૂજે છે. જ્યાં સત્પુરુષના પગલાં પડે તે ભૂમિ પણ પૂજ્ય છે એમ કહી અત્રે દેવોનો ભક્ત્યતિશય વ્યંજિત કર્યો છે.

૧૧ વામ-શ્લેષ: (૧) ડાબું, (૨) વક્ર, આડું, પ્રતિકૂલ.-પક્ષીઓ પણ તને પ્રદક્ષિણા કરે છે, તો પછી ત્હારા પ્રત્યે વામવૃત્તિ-પ્રતિકૂલવર્ત્તી જનોની તે શી દશા થશે?

૧૨ ત્હારા સન્નિધાનમાં પંચેંદ્રિય જીવોનું દુઃશીલપણું-વિપરીતચારિત્રપણું ક્યાંથી હોય? કારણ કે એકેંદ્રિય એવો વાયુ પણ પ્રતિકૂલપણું મૂકી દે છે અર્થાત્ અનુકૂળ વર્ત્તે છે.

૧૩ કૃતાર્થ, કૃતકૃત્ય, સફળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી અરિહંત દેવનું સ્તવન

( મારૂં વતન આ મારૂં વતન-એ ઢબ )

વ્હાલું વ્હાલું લાગે મને પ્રભુ દરિશન,
પ્યારૂં પ્યારૂં લાગે મને પ્રભુ દરિશન. (ટેક)
ઉજ્વલ શંખ સમ, ગંભીર સમુદ્ર સમ. ( ૨ )
અરિહંત દેવને કરૂં નમન ( ૨ ) વ્હાલું. ( ૧ )
ધીરમાં પર્વત સમ, ધુરામાં વૃષભ સમ ( ૨ )
અરિહંત દેવને કરૂં નમન ( ૨ ) વ્હાલું. ( ૨ )
ઉપયોગે ભારંડ સમ, બળમાં સિંહ સમ ( ૨ )
અરિહંત દેવને કરૂં નમન ( ૨ ) વ્હાલું. ( ૩ )
ક્ષમામાં ધરણી સમ, તેજમાં સૂર્ય સમ ( ૨ )
અરિહંત દેવને કરૂં નમન ( ૨ ) વ્હાલું. ( ૪ )
નિરાલંબે નભ સમ, વિહારમાં વાયુ સમ ( ૨ )
અરિહંત દેવને કરૂં નમન ( ૨ ) વ્હાલું. ( ૫ )
શીતલમાં ચંદન સમ, પુનમચંદ્ર સમ ( ૨ )
બાલ કરે કર જોડી નમન ( ૨ ) વ્હાલું ( ૬ )

મુનિરાજ શ્રી બાલચંદ્રજી.

---

કોટિ સંખ્યા સુર અસુર સેવે તને તો [14]જઘન્યે,
મંદો યે ના અલસ ભગવાન્! અર્થમાં પ્રાપ્ય [15]પુણ્યે. ૧૩-૧૪

॥ इति चतुर्थः प्रकाशः ॥

---

૧૪ જઘન્યથી, ઓછામાં ઓછા (Minimum).

૧૫ મહાપુણ્યયોગે પ્રાપ્ત થાય એવી વસ્તુમાં મંદ-જડબુદ્ધિજનો પણ આળસ ન કરે, તો પછી બીજાનું તો પૂછવું જ શું?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય જ્ઞાનનું રહસ્ય.

## ( સૃષ્ટિકર્તૃત્વવાદ. )

( પ્રકરણ બીજું )

[ ગતાંક પૃષ્ઠ ૬૨ થી શરૂ ]

ચેતનાનાં સ્વરૂપનું સમાધાન ભૌતિક પદાર્થોથી શકય નથી એમ આધુનિક વૈજ્ઞાનિક દ્રષ્ટિએ સ્પષ્ટ રીતે કહી શકાય. ભૌતિક પદાર્થોનાં કાર્યના સંબંધમાં કેટલાક વૈજ્ઞાનિકો અતિશયોક્તિ કરતા હોવા છતાં યે ચેતનાનાં સ્વરૂપ સંબંધી તેમનાથી ભૌતિક પદાર્થોની દ્રષ્ટિએ સમાધાન નથી થઇ શકતું એ ખાસ વિચારણીય થઇ પડે છે. સમય અને આકાશના સંબંધમાં પણ આધુનિક વૈજ્ઞાનિકોનું જ્ઞાન નહિ જેવું હોવાથી ચેતના અને ભૌતિક દ્રવ્યો વિષયક પ્રશ્નોને લગતી તેમની અનેક મુશ્કેલીઓમાં ઓર વધારો થાય છે. હર્બર્ટ સ્પેન્સર જેવા ઇંગ્લંડના એક મહાન્માં મહાન્ તત્ત્વજ્ઞને પણ સમય અને આકાશના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થઈ શકયું નથી એ ઘણું જ આશ્ચર્યકારી છે. તેમણે ' First Principles ' નામે ગ્રંથમાં સમય અને આકાશ સંબંધી જનતાને સંપૂર્ણ અજ્ઞાન હોવાનું જાહેર કર્યું છે. સમય અને આકાશ એ કોઇ વસ્તુ કે અવસ્તુ છે, તેમનું અસ્તિત્વ છે કે અનસ્તિત્વ છે અને તેમનામાં વસ્તુ કે અવસ્તુના ગુણો છે કે નહિ એ સર્વ કલ્પનાતીત છે એવો સ્પષ્ટ મત પણ વ્યક્ત કર્યો છે.

મહાન્ જર્મન ફીલસુફ કેન્ટે સમય અને આકાશની જ્ઞાનનાં આદિ સ્વરૂપોરૂપે ગણના કરી હતી. કેન્ટનાં આ મંતવ્યથી હર્બર્ટ સ્પેન્સરને લેશ પણ સંતોષ થયો નહિ. આથી જ તેણે સમય અને આકાશ સંબંધી પોતાનાં મંતવ્યનો પુરસ્કાર કરતાં જણાવ્યું છે કેઃ--

" કેન્ટનું મંતવ્ય વિચારથી પર થઇ પડે છે. સમય અને આકાશ સત્ય વસ્તુઓ છે, સમય અને આકાશને અસ્તિત્વ છે એમ માની શકાય નહિ. સમય અને આકાશના ખ્યાલથી એ બન્નેનું વિષયાશ્રિત અસ્તિત્વ છે એવા મતની પરિણુતિ કદાચ થાય. ખરી વાત એ છે કે–સમય અને આકાશ બન્ને ચિત્તથી પર છે. બન્નેનું અસ્તિત્વ ચિત્તની બહાર છે, ચિત્તની અંદર નથી. ચિત્તનાં અનસ્તિત્વનો વિચાર કદાચ શકય છે. આકાશ અને સમયનુ અનસ્તિત્વ કલ્પનાતીત છે. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હેકલે સમય અને આકાશનાં વિષયાશ્રિત અસ્તિત્વનો સ્વીકાર કર્યો છે. આમ છતાં સમય અને આકાશની ગણત્રી કેટલીક વાર નથી પણ કરી. સમય અને આકાશ સંબંધી વિચારો વ્યક્ત કરતાં તેમણે "The Riddle of the Universe" (વિશ્વની સમશ્યા)માં જણાવ્યું છે કે:—

"કેન્ટે સમય અને આકાશની અનુક્રમે જ્ઞાનનાં આંતર અને બાહ્ય આદિ સ્વરૂપ તરીકે ગણના કર્યાથી, આ મહત્ત્વનો પ્રશ્ન હજુ પણ વિવાદ-ગ્રસ્ત બન્યો છે. કેટલાક તત્ત્વજ્ઞાનીઓને કેન્ટનું મંતવ્ય જ્ઞાનના વિશુદ્ધ આદર્શ સિદ્ધાન્તના પ્રારંભરૂપ લાગે છે. આથી સમય અને આકાશની સત્ય વસ્તુઓ તરીકે ગણનાનો વિચાર એક કોરે મૂકાય છે. કેન્ટનો નિર્ણય પ્રાયઃ એકપક્ષીય હોવાથી દોષપૂર્ણ છે. સમય અને આકાશ અનુભવસિદ્ધ સત્ય વસ્તુઓ છે એમ કેન્ટ કહે છે. સમય અને આકાશનું અસ્તિત્વ માયાવાદ કે એક પ્રકારની સર્વોચ્ચ કલ્પના છે એમ પણ કેન્ટ કેટલીક વાર કહે છે. સમય અને આકાશનાં વિષયાશ્રિત અસ્તિત્વનું અતિશયોક્તિ યુક્ત મંતવ્ય હાલનાં અદ્વૈતવાદને અનુરૂપ નથી."

સમય અને આકાશના સંબંધમાં આધુનિક વિજ્ઞાન આટલું જ કહી શકે છે. સમય અને આકાશ અનુભવસિદ્ધ સત્ય વસ્તુઓ છે અથવા તો તેમનાં અસ્તિત્વની માન્યતા એક સર્વોત્કૃષ્ટ કલ્પના છે એવાં અનુમાનથી આગળ જઈને હેકલ આ સંબંધમાં કંઈ વિશેષ પ્રકાશ પાડી શકે તેમ નથી એમ સ્પષ્ટ જણાય છે.

ગતિનાં આદિ કારણનો પ્રશ્ન, વિશ્વની સમશ્યાઓના પ્રશ્નમાં બીજે નંબરે આવે છે. ગતિ એ દ્રવ્યનો અંતર્ભૂત અને મૂળ ગુણ છે એમ કેટલાક માને છે. આ માન્યતા કેટલેક અંશે દોષપૂર્ણ છે. ગતિ એ ભૌતિક દ્રવ્યનો એક ગુણ છે. વિશુદ્ધ આત્માનો તે ગુણ નથી. સંસારી આત્માઓમાં જ ગતિ–શક્તિ હોય છે. આથી સંસારી જીવો સ્થલાન્તર કરી શકે છે. સંસારીઓની ગતિ–શક્તિ ઈચ્છાબળ ઉપર નિર્ભર રહે છે. ઇચ્છા એ બળ છે એમાં કંઇ શક નથી. ડો. આલ્ફ્રેડ રઝેલ વોલેસે પોતાનાં એક પુસ્તકમાં ઈચ્છાબળ વિષે મનનીય વિચારો રજુ કર્યા છે. ડો. વોલેસના એ વિચારો નીચે પ્રમાણે છે:—

"આપણે બે વિભિન્ન બળોથી સુપરિચિત છીએ. ગુરૂત્વાકર્ષણ, ઉષ્ણતા, વિદ્યુત્, પ્રતિરોધ ક્રિયા આદિ નૈસર્ગિક બળોનો પ્રથમ પ્રકારનાં બળમાં સમા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# એક સન્તના અમૃત વચન

અનુવાદક : **અભ્યાસી.**

તમે પોતાની જાતને દેહ ન સમજો. તમારૂં સ્વરૂપ આ શરીર નથી. તમે મૂત્ર નથી, તમે મળ નથી; કેમકે એ ત્યાગવા છતાં પણ તમે રહો છો. તમે કેશ નથી, જે કાપી નાખવામાં આવે છે. તમે તો તે છો કે જેની સ્થિતિને લઈને તમારા શરીરની સ્થિતિ છે. જેના નીકળી જવાથી તમારૂં શરીર સડી જાય છે.

---

વેશ થાય છે. બીજું બળ તે ઇચ્છાબળ છે. કેટલાક મનુષ્યો ઇચ્છાબળનો અસ્વીકાર કરે છે. ખરી રીતે વિચારતાં ઇચ્છાબળનો ઇન્કાર કોઇથી ન થઈ શકે. ઇચ્છાબળ એ કુદરતનાં બળોનું રૂપાન્તર છે એમ પણ કેટલાક કહે છે. મસ્તિષ્કના અણુઓમાં પરિવર્તન થવાથી ઇચ્છાની પરિણુતિ થાય છે, એમ પણ કેટલાકો કહે છે. ઇચ્છા શક્તિ એ શરીરનાં બળોનો ક્રિયાનું યોગ્ય રીતે નિયમન કરે છે. ઇચ્છા એ ખરી શક્તિ છે. જો મસ્તિષ્ક આદિમાં પરિવર્તન સ્વયમેવ શકય છે એમ માની લેવામાં આવે તો ઇચ્છાશક્તિનાં સ્વાતંત્ર્યનો કેટલીક રીતે વિચ્છેદ થઇ જાય. મસ્તિષ્ક આદિ સ્વયંક્રિયાશીલ હોય તો ઇચ્છાશક્તિની જરૂર જ ન હોય. મસ્તિષ્ક આદિની સ્વયંક્રિયાશીલતાનો સ્વીકાર કરતાં ઇચ્છાશક્તિનું અસ્તિત્વ નિર્મૂળ થાય. શરીરરૂપ યંત્રમાં ઇચ્છાબળની જરૂર જ ન રહે. આથી ઇચ્છાશક્તિરૂપી મહાન્ બળનો સ્વીકાર અવશ્ય કરવો ઘટે છે.”

ઇચ્છાશક્તિનો પ્રભાવ જગતમાં અનેક રીતે પ્રત્યક્ષ થાય છે. અનેક શોધખોળોથી ઇચ્છાશક્તિનું મહાન બળ સિદ્ધ થયું છે. ઇચ્છાશક્તિથી સોયને ગતિમાન કરવાની એક નવી શોધ હાલમાં જ થઇ છે. આ શોધથી ઇચ્છારૂપી બળની પ્રતીતિ થાય છે. અનેક પ્રકારની યાંત્રિક રચનાઓથી ઇચ્છાનું બળ આ રીતે પૂરવાર થાય છે. યાંત્રિક રચનાઓથી પર પણ ઇચ્છાનું બળ નિરખી શકાય છે. ઇચ્છા થતાં આપણે ઉભા થઇએ છીએ. ઇચ્છા થતાં આપણે દોડીએ છીએ. ઇચ્છા થતાં આપણી સાડાત્રણ મણની કાયા પહાડના પહાડ ચઢી જાય છે. ઇચ્છાનું આ બળ જેવું તેવું છે? ઇચ્છાનો આ પ્રભાવ ઓછો છે?

ચેતન--અચેતન વિશ્વ, સૃષ્ટિ–કર્તૃત્વવાદ આદિના સંબંધમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિબિન્દુથી આપણે બંને તેટલું અન્વીક્ષણ કર્યું. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમે અમર છો, અજર છો, આનન્દમય છો. તમારૂં એ સ્વરૂપ છે. એ માટે ગીતા કહે છે કેઃ—

**नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।**

તમારા મનથી જ આ આખો સંસાર છે. પરમપદ પામવાની ઇચ્છા હોય તો મનનો નાશ કરો. કહ્યું છે કેઃ—

**मनोनाशः परमं पदम् ।**

ગાયને ચાર પગ હોય છે. એમાંથી એક કાપી નાખવામાં આવે તો ગાય ચાલી શકતી નથી. એવી રીતે પ્રત્યેક ગ્રન્થના ચાર અંક હોય છે. તેનું વાંચન, તેનો અર્થ સમજવો, તેનો ભાવાર્થ સમજવો અને તે અનુસાર વર્તન રાખવું. તમે ગ્રંથ વાંચી લીધો પરંતુ તેનો અર્થ, ભાવાર્થ ન સમજ્યા તો તે વાંચવું વ્યર્થ છે. અર્થ-ભાવાર્થ સમજ્યા પણ તે પ્રમાણે વર્ત્યા નહિ, તેને અનુકૂળ પોતાની દિનચર્યા, પોતાનું આચરણ ન બનાવ્યું તો પણ પૂરો લાભ નથી થતો. એટલા માટે થોડું વાંચો, પણ તમારૂં વર્તન એવું બનાવી લ્યો.

વધારે વાંચવાથી કશો લાભ નથી. એક જ ગ્રંથ લ્યો અને તે પ્રમાણે વર્તો. બસ, તમારૂં કલ્યાણ થશે.

મનનશીલ પુરૂષજ મુનિ કહેવાય છે. જે મનન કરે, વિચારે કે સંસારમાં સત્ વસ્તુ કયી છે અને અસત્ વસ્તુ કયી છે?

બધા શાસ્ત્રોમાં 'માનસશાસ્ત્ર' મોટું છે એ સમજો. તમારૂં કલ્યાણ થશે. તમને કોઇ પૂછે કે તમે કાચ બનવા ચાહો છો કે હીરા. તમે કહેશો કે અમે હીરા બનવા ચાહીએ છીએ; પરંતુ હીરો બનવા માટે તમારે પોતાની અંદર હીરાના ગુણોનો વિકાસ કરવો પડશે. કાચના તો એક ક્ષણમાં કટકે કટકા થઈ જશે. હીરાને ગમે તેટલો મારો પણ તે તો એવોને એવો રહેશે. એવી જ રીતે તમારી ઉપર આપત્તિઓના પહાડ તૂટી પડે પણ તમે એવા ને એવા મસ્ત બની રહો, તમારી પર કશી અસર ન થાય તો તમે હીરા બની જશો. તમારા શરીરનું મૂલ્ય ખૂબ વધી જશે. જીવાત્માનું તો કહેવું શું? આ સાલ ૧૯૩૫ છે. ૧૮૩૫ માં સૃષ્ટિ આવી જ હતી, પરંતુ તે વખતે આપણે આ રૂપમાં નહોતા. ૨૦૩૫ માં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહીં રહીએ, એક દિવસ જવાનું છે. આ જીવનને વ્યર્થ ગુમાવવું ન જોઈએ, પરલોક માટે કંઈ કરવું સારૂં છે.

સંસારને સ્વપ્નવત્ માનો. જીવને દુઃખ એટલા માટે જ થાય છે કે તે એને સાચો માની બેઠેલ છે. સ્વપ્નમાં જે વસ્તુ દેખાય છે તેને જીવ તે વખતે સાચી માની લે છે, તેને દુઃખ, સુખ થવા લાગે છે. જાગતાંવેંત તેનો ભ્રમ મટી જાય છે. તેને પોતાની ભૂલ સમજાય છે. જો સ્વપ્નાવસ્થામાં જ તેણે દૃશ્યોનો ભ્રમ સમજી લીધો હોત તો તેને સુખદુઃખ ન થાત. એવી જ આ જાગ્રદવસ્થામાં સંસારની સ્થિતિ છે.

જુઓ, ત્રણ અવસ્થાઓ છે. સુષુપ્તિ, સ્વપ્ન અને જાગૃત. એ ત્રણ ત્રણ ગુણોથી બની છે. તમોગુણ, રજોગુણ, સત્ત્વગુણ. સુષુપ્તિ અવસ્થા તમોગુણથી, સ્વપ્નાવસ્થા રજોગુણથી અને જાગ્રદવસ્થા સત્વગુણથી બનેલી છે. સ્વપ્નાવસ્થા રજોગુણથી બની હોવાથી થોડો સમય રહે છે. સત્વગુણમયી હોવાથી જાગ્રદવસ્થા વધારે સમય રહે છે. એ કારણથી જ જાગ્રત્ સંસારમાં સત્યતાનો આભાસ થાય છે. ખરી રીતે એ પણ અસત્ છે.

પોતપોતાના સંસ્કાર અનુસાર સૌને સુખ-દુઃખ થાય છે. માબાપ, પુત્ર વગેરે સૌને જેટલું બને તેટલું સુખ આપો, એટલું જ તમે કરી શકો છો. બાકી પરેશાન થવું ફોગટ છે.

નીતિ અનુસાર સઘળાં કામ કરી જુઓ. જનક રાજા ગૃહસ્થ હતા, છતાં શુકદેવ મુનિ તેની પાસે બ્રહ્મવિદ્યા શીખવા આવ્યા હતા.

દુઃખમાં પણ અખંડ પ્રફુલ્લિત રહો. ગમે તેટલું દુઃખ પડે તો પણ ગુલાબના ફૂલની માફક ખીલેલા જ રહો.

ખૂબ હિંમત રાખો. પાતાળ ખોદીને પાણી કાઢો. તમારામાં હિંમત નહિ તો તમારી કિંમત પણ નહિ.

સત્ત્વ શુદ્ધિ માટે આહારશુદ્ધિની આવશ્યકતા છે, આહારશુદ્ધિ વગર કોઈ પણ કામ નથી બનતું. કહેવત છે કે જેવું ખાઈએ અન્ન તેવું થાયે મન.

જઠરાગ્નિ પ્રદિપ્ત રાખવા માટે થોડો વ્યાયામ કરવો, જરૂર કરવો જોઈએ.

સત્સંગ પણ કર્યા કરો. શબ્દોમાં પણ શક્તિ રહેલી છે. જેવા શબ્દ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રત્નકણિકાઓ.

( લે. વેલજી લાલજી વોરા–જામનગર. )

શ્રી વીતરાગ પરમાત્મા મહાવીરસ્વામીએ ચંડકોશીઆ નાગને પ્રતિબોધતાં કહ્યું કેઃ–હે ચંડકૌશિક! બુઝ બુઝ! મા મુહ! હે ચંડકોશીઆ! સમજ! સમજ! મુગ્ધ ન થા. ચંડકોશીઓ તો એક નિમિત્ત માત્ર છે, પરંતુ જો સમજે તો આ સંબોધન દરેક ક્રોધી માણસ કે તિર્યંચને હિતકર છે. આપણે બધા કષાયી હોવાથી પ્રગટ ચંડકોશીઆ નાગ જ છીએ. સૌ કોઇ પોતાની સ્થિતિ વિચારી જુએ. જેમ મહાવીરનો આ ઉત્તમ બોધ ચંડકોશિકે ગ્રહણ કર્યો અને જેમ જીવનનો પલટો કર્યો તેમ આપણે પણ કરીએ તો કેવું સારૂં ?

જેમ ચંડકૌશિકને પ્રભુએ સંબોધ્યો તેમ ગૌતમને પણ પ્રભુએ સમય માત્રનો પણ પ્રમાદ નહિ કરવા વખતોવખત બોધ આપેલ છે. આપણે પણ એ જ મહાવીરના ગૌતમો થવા મમત્વ, અભિમાન, મિથ્યાત્વાદિનો ત્યાગ કરી સમતાભાવ ધારણ કરીએ તો કેવું સારૂં ?

પ્રભુએ પૃથ્વીની માફક અડગ થઇને જ પોતાના કર્મો ખપાવ્યા. આપણે પણ થોડેઘણે અંશે પણ તેવા થઇએ તો કેવું સારૂં ? અનંત કાળના કર્મોનું વન જ બળી જાય અને મુક્તિની સમીપ જ આવી પહોંચીએ. સમય તો ખરેખર સાવધાન થઈ જવા જેવો જ બરોબર મળ્યો છે, તો સાવધાન થઈ જઇએ તો કેવું સારૂં ?

---

સાંભળીએ કે વાંચીએ એવું જ મન બને છે. આપણને કોઈ ગાળો દે તો કેવું દુઃખ, કેવો ક્રોધ થાય છે ?

વ્યભિચારી સ્ત્રી શું કરે છે તે જાણો છો ? તે ઘરનું બધું કામકાજ કરતી હોય છતાં તેનું મન પરપુરૂષમાં રહે છે. તે ઉપરથી બોધ લ્યો. તેની માફક સંસારના કામકાજ તમે પણ કરો, પરંતુ મન પરમાત્મામાં જ રાખો.

જેવી રીતે ગંગાનો પ્રવાહ સતત ચાલુ રહે છે તેવી રીતે જ્યાંસુધી જીવતા હો ત્યાં સુધી હાથ–પગ ચલાવ્યા કરી, બરાબર કામ કરતા રહો, આળસુ ન બનો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રતિબિંબ

[ સુશીલ ]

## જિનપ્રતિમા અને બુદ્ધપ્રતિમા

જિનમૂર્ત્તિ અને બુદ્ધમૂર્ત્તિમાં જે કેટલુંક સાદૃશ્ય જોવામાં આવે છે તે ઉપરથી કેટલાકો બૌદ્ધોના અનુકરણમાં જૈનોએ મૂર્ત્તિઓનું સર્જન શરૂ કર્યું હોય એવી ભ્રમણા સેવે છે. ડૉ. ગ્લાઝનાપ, જેઓ બૌદ્ધ તથા જૈન શાસ્ત્રીય સાહિત્યના ઉંડા અભ્યાસી છે તેમણે એ ભ્રમણા ટાળવા, ભારતીય અનુશીલન નામના ગ્રંથમાં એક ખાસ લેખ પ્રકટ કરાવ્યો છે. મૂળ લેખ, જર્મન ભાષામાં

---

હે ચેતન ! ચારે ગતિમાંથી હાલ તું મનુષ્યગતિમાં છો એ ખરૂં, પરંતુ આ મનુષ્યભવમાં વિચાર કરીશ તો તને નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ-ગતિને યોગ્ય સ્થિતિ જણાશે. જેમકે અતિ ત્રિદોષ જેવી દુઃખદાયી અવસ્થા તે નર્ક તુલ્ય, ઇર્ષ્યા, ક્રોધ, અભિમાન, કજીઆ–કંકાસવાળું જીવન તે પશુ-જીવન, સુખસંતોષ, સલાહસંપનું જીવન તે માનવજીવન અને પ્રભુભક્તિ, ગુરૂસેવા, સ્વાધ્યાય, ધ્યાન, તપ, જપ, પૂજા, સેવા વિગેરે મય જીવન એ દેવ-જીવન છે. આ ચારે જીવનમાંથી ઉત્તમોત્તમ એવું દૈવીજીવન આપણે જીવીએ તો કેવું સારૂં ?

હે ચેતન ! આ સંસારની બધી આધિ, વ્યાધિ, ઉપાધિનો ભાર જરા હળવો કરી, ચિત્તવૃત્તિનો નિરોધ કરી, સ્વસ્વ કર્મમાં ઉદ્યુક્ત બની, સમભાવમાં વર્તતો છતો મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ્ય આ ચારે ભાવના ભાવતો અને અનિત્યાદિ ભાવનાઓનો સાક્ષાત્ અનુભવ કરતો દરરોજ થોડો પણ સમય તું એકાંતમાં બેસી સ્વસ્વરૂપ–રમણતાનો અપૂર્વ આનંદ અનુભવતો રહે તો કેવું સારૂં ?

આ બધુંયે ઘણું સારૂં, ઘણું સારૂં, ઘણું સારૂં તો ખરૂં; પરંતુ વર્તનમાં મૂકાય તો જ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. પ્રકાશકે-સંપાદકે, એ જર્મન લેખનું હિંદી ભાષાંતર સંક્ષિપ્તમાં આપ્યું છે. ડૉ. ગ્લેઝનાપ, શરૂઆતમાં મૂર્ત્તિઓના વિધાનનો ક્રમિક ઇતિહાસ રજુ કરે છે. જે વખતે બ્રહ્મને આકાર આપવાની-મૂર્ત્ત રૂપ આપવાની મુશ્કેલી નડતી હતી તે વખતે જૈનોએ ઘડતરની અને પૂજનની એક નવી જ શૈલી પ્રરૂપી. બીજાઓ કરતાં જૈનધર્મને એમાં વધુ સફળતા મળી, એમ તેઓ માને છે.

જૈનો અને બૌદ્ધોની પ્રતિમા-પદ્ધતિની તુલનાત્મક સમીક્ષા કરતાં ડૉ. ગ્લેઝનાપ કહે છે કેઃ-

"જૈન સિદ્ધાંત પ્રમાણે મુક્તાત્મા હંમેશા સંસારના શિખર ઉપર રહેલા ઇશત્ પ્રાગ્ભાર લોકમાં સર્વજ્ઞ, આનંદસ્વરૂપ અને પૂર્ણ આધ્યાત્મિક પુરૂષના રૂપમાં રહે છે. તેમને સાંસારિક ઘટમાળ સ્પર્શી શકતી નથી. સંસારના સુખ-દુઃખથી તેઓ પર છે. એમને વ્યક્ત આકૃતિ અથવા દેહ નથી હોતાં; પણ અંતિમ જન્મના સ્વરૂપનો ⅔ ભાગ રહે છે. એટલે સિદ્ધના જીવો એક સરખા હોય છે. આવા મુક્તાત્માને પાર્થિવ પ્રતિમાનું રૂપ આપવું હોય તો એમને વસ્ત્ર રહિત, ધ્યાનમગ્ન, સ્વર્ગીય શાંતિથી દીપતી મુખમુદ્રાવાળા જ બનાવવા જોઇએ. જિનપ્રતિમાના અર્ધ મીંચાયેલા નેત્રો, સંસાર તરફનો વૈરાગ્ય સૂચવે છે. એમનામાં વ્યક્તિત્વનો ભાવ લોપ પામેલો હોય છે તેથી સર્વ તીર્થંકરો એક સરખા જ લાગે છે. ચિન્હ અથવા લાંછનથી એમનું વ્યકિતત્વ ઓળખી શકાય છે.

"તીર્થંકર ભગવાનની પ્રતિમા, મુક્તાવસ્થાને પ્રકટ કરે છે. સાંસારિક વ્યકિતત્વની સ્મૃતિ સાથે એને કશી નીસબત નથી હોતી. આ બન્ને વાતો સપ્રમાણ સિદ્ધ થઇ શકે છે. એક તો અનેક પ્રતિમાઓની નીચે એ વાતનો સાફ ઉલ્લેખ મળે છે અને બીજું, તીર્થંકરની પ્રતિમાઓ માત્ર ધ્યાનને માટે જ ઉપયોગી છે એનાથી કોઇ પણ પ્રકારનો સાંસારિક સ્વાર્થ ફળવાનો નથી, એમ સ્પષ્ટપણે ઉપદેશાયું છે. મુક્તિની ઇચ્છા પ્રકટાવવી અને તેમાં સહાય કરવી એ સિવાય જિનપ્રતિમાનું બીજું એકે લક્ષ્ય નથી.

"સામાન્ય લોકસમુદાય ઉપર એ પ્રતિમાઓની ખૂબ સરસ છાપ પડતી જોઇ, બૌદ્ધોને પણ બુદ્ધની પ્રતિમાઓ રચાવવાનું સૂઝયું; પણ એમનો નિર્વાણ સંબંધી સિદ્ધાન્ત એવો હતો કે જેથી નિર્વાણ પ્રાપ્ત અવસ્થા, મૂર્ત્તિમાં શી રીતે આણવી ? એ એક પ્રશ્ન થઇ પડયો. જૈનો અને બૌદ્ધોના નિર્વાણ સંબંધી સિદ્ધાન્ત ભિન્ન ભિન્ન છે, એટલે એવું બન્યું કે બૌદ્ધોએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બુદ્ધત્વની પ્રાપ્તિ અને પરિનિર્વાણુની વચ્ચેની, બુદ્ધની વિભિન્ન અવસ્થાઓને આકાર આપવાની શરૂઆત કરી. એથી-કરીને બુદ્ધ પ્રતિમાઓમાં, જિન-પ્રતિમા કરતાં વિવિધતા તથા સજીવતા ઉમેરાઈ. ધર્મનો ઉપદેશ કરતા તથા પૃથ્વીને સાક્ષીભૂત રાખતા બુદ્ધની કેટલીક પ્રતિમાઓ સર્જાઈ.

પુરાણી બુદ્ધ-પ્રતિમાઓ, તીર્થંકરની પ્રતિમાઓના ભાવમાંથી ઉપજી એટલે જ બન્નેમાં થોડી થોડી સમાનતા આવવા પામી × × × ”

એ રીતે ધ્યાનસ્થ પ્રતિમાઓની ઉપાસનાનું પહેલું માન જૈન શાસનના ફાળે જાય છે. બૌદ્ધોએ, જૈનોની એ ભાવનાનું અનુકરણ કર્યું, વિશેષમાં ડૉ. ગ્લેઝનાપ કહે છે તેમ એમણે કેટલીક સજીવતા તથા વિવિધતા પણ પૂરી. ભારતીય પ્રતિમા કલાનું આ એક ઉપયોગી પ્રકરણ છે. હજી એ સંબંધમાં વધુ પ્રકાશ પડે એવી આશા રખાય છે.

## જૈન મંદિરોનું ચિત્રદર્શન.

દક્ષિણના પલ્લવવંશી રાજાઓ જૈન હતા. આ પલ્લવોએ ઘણા ભવ્ય જિનાલયો નિર્માવ્યાં છે એટલું જ નહીં પણ એમણે ભારતીય ચિત્રકલાને જે સાદા, છતાં વિવિધ રંગોવડે શૃંગારી છે તે તો આજે પણ બે-નમુન ગણાય છે. પલ્લવ-ચિત્રકળાને નામે તે લોકમશહુર બની છે.

પુદુકોટાથી ૯ માઇલ જેટલે દૂર એક જૈન ગુહામંદિર છે. એ મંદિરનું નામ શિત્તન્નવાશલ છે. સિધણ્ણુવાસ-સિદ્ધોની ભૂમિ એ પ્રમાણે મૂળ પ્રાકૃત ઉપરથી એ નામ પડયું હશે. મંદિરમાં, શ્રીયુત તિ૦ ના૦ રામચંદ્રમ્ લખે છે કે, સપર્યંક મુદ્રામાં સ્થિત-પુરૂષપ્રમાણ અત્યંત સુગઠિત સુંદર પાંચ તીર્થંકરોની પ્રતિમાઓ છે. એની દીવાલો તથા છત ઉપર જુના સમયમાં વિવિધ-રંગીન ચિત્રોનું એક મ્હોટું મનોહર પ્રદર્શન હોવું જોઇએ. આજે તો માત્ર બે-પાંચ ચિત્રો જ કાળના મુખમાંથી બચી જવા પામ્યા છે. આ ચિત્રોની સફાઈદાર રેખાઓએ અને કુદરતી રંગમિશ્રણે ચિત્રકલારસિકોને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા છે.

ઓછામાં ઓછી, પણ સ્થિર અને દ્રઢ રેખાઓની સહાયથી અત્યંત સુંદર આકૃતિઓ કેમ ઉપજાવવી એ કળા કેટલાકોને એ વેળા વરી હશે એમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ચિત્રો જોતાં લાગે છે. રંગો પણ બહુ થોડા વપરાયા છે—આજે ઘણે-ખરે સ્થળે જેમ રંગના લપેડા કરવામાં આવે છે તેમ એ કુશળ ચિત્રકારો ન્હોતા કરતા. લાલ, પીળો, લીલો અને સફેદ તથા કાળો એટલા જ કુદરતી રંગોમાં એ ચિત્રકારો પોતાની પીંછી રંગતા. એનું મિશ્રણ કોઈ કોઈ સ્થળે એવું સરળ છતાં આશ્ચર્યમય બને છે કે આકૃતિઓ જાણે સજીવન હોય એવી જોનારના દિલમાં છાપ પડે છે.

રાજા મહેંદ્રવર્મા પ્રથમ ( ઇ. સ. ૬૦૦–૬૨૫ ) પલ્લવવંશનો રાજવી હતો. તે તામિલ સાહિત્ય અને સંસ્કૃતિનો એક ધુરંધર હતો એમ કહીએ તો ચાલે. કવિ અને કલાકાર હોવા ઉપરાંત ધર્મરક્ષા અને ધર્મના પ્રભાવ વિસ્તાર અર્થે તે ખૂબ કાળજી રાખતો. પ્રસ્તુત ગુફામંદિરમાંના ચિત્રોનો પ્રેરક તથા પોષક એ મહેંદ્રવર્મા જ હતો એમ ઐતિહાસિકોએ પૂરવાર કર્યું છે.

એ મંદિરની, વસ્તુતઃ પલ્લવકાળની ચિત્રકળાની સ્હેજ ઝાંખી કરાવ-વાના આશયથી શ્રી રામચંદ્રે જે એક લાંબો લેખ લખ્યો છે તેનો સંક્ષિપ્ત સાર અહીં ઉતાર્યો છે.

" આખી ગુફા કમલનાં ચિત્રોથી અલંકૃત છે. મોખરાના બે સ્તંભો કમલ–નાલથી સરસ રીતે ગુંથી દીધા છે. એની ઉપર નર્ત્તકીનાં ચિત્રો છે. છતની વચ્ચોવચ્ચ એક તળાવ છે : હરીયાળા કમળપત્રોની ભૂમિ ઉપર લાલ કમલ ઉગ્યાં હોય એમ લાગે છે. તળાવમાં મત્સ્ય, હંસ, કાચબા, હાથી, ગાય, ભેંસ વિગેરે પ્રાણીઓ જળક્રીડા કરી રહ્યાં છે. એક તરફ મનુષ્યની આકૃતિઓ છે તે તો ખૂબ આકર્ષક અને સુંદર છે. બીજા બે જણા સાથે મળીને જળવિહાર કરે છે એમનો રંગ લાલ છે ત્રીજી એક સોનેરી આકૃતિ છે. આ આકૃતિ બહુ જ મોહક અને ભવ્ય છે.

સૌધર્મેંદ્રે જે સમવસરણની રચના કરી હતી તે પણ અહીં જોવા મળે છે.

બે નર્તકીઓનાં જે ચિત્રો વિનાશમાંથી બચવા પામ્યા છે તે ચિત્રકારની કુશળતાના સૂચક છે. નૃત્ય–તાલ અને પ્રચંડ સ્ફુર્ત્તિને એક જ ચિત્રમાં ઘટાવવાં એ સામાન્ય વાત નથી. પાતળી કમરવાળી, ઘરેણાના ભારથી લચી પડતી અપ્સરા, ચિત્તાના જેટલી જ પ્રચંડ શકિતશાળી તથા ભવ્ય દેખાય છે. શિવ–નટરાજનની કલ્પનામાં જે નૃત્ય સમાએલું છે તેનું પણ સમારોપણ આમાં કરવામાં આવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાન્ તસ્કરો.

ગતાંક પૃષ્ઠ ૭૬ થી શરૂ

## લોભ.

ક્રોધાદિક ત્રણે કષાયો જો કે અયોગ્ય અને અહિતકર્તા તો છે જ; તો પણ તે સર્વ કરતાં પણ લોભને શાસ્ત્રકારોએ વિશેષ હાનિકર કહેલ છે. ક્રોધાદિક કષાય જ્યારે એક એક ગુણના હાનિ કરનાર છે ત્યારે લોભ કષાય સર્વ ગુણોનો વિનાશક છે. એક દૂષણ માણસમાં ઉપજે છે એટલે તેનાથી દૂષણોની પરંપરા ચાલે છે. એક લોભના દુર્ગુણથી માણસમાંહેના ઘણા ગુણસમૂહનો લોપ થાય છે અને તે વ્યક્તિ સારાસારના વિવેકને ભૂલી જાય છે. લોભથી પ્રેરાઇ માણસ મિત્રથી વિશ્વાસઘાત કરે છે, ચોરી કરે છે, જગાતચોરી કરીને રાજનો ગુન્હેગાર થાય છે, ભાઇઓ ભાઇઓમાં દુશ્મનાવટ જાગે છે, માતાપિતાને પણ છેહ દે છે અને તે લોભીષ્ટ વ્યકિત સર્વથી નિરાળી થઇ જાય છે. લોભની ઉત્પત્તિ મુખ્યત્વે તૃષ્ણાથી ગણી શકાય. એટલે લોભને અને તૃષ્ણાને નિકટનો સંબંધ છે. શ્રીમદ્ **વી**રવિજયજી મહારાજે બાર વ્રતની પૂજામાં વાસ્તવિક જ કહ્યું છે કે " તૃષ્ણાતરૂણી રસલીન હું રઝળ્યો ચારે ગતિ રે, તિર્યંચ તરૂના મૂળ રાખી રહ્યો ધન ઉપરે રે; પંચેદ્રિ ફણીધરરૂપ ધન દેખી મમતા કરે રે." અર્થાત્ પૂર્વે કોઇ સ્થાને ધન દાટેલ હોય અને મૃત્યુ વખતે તે પર મમત્વ રહી ગયું હોય તો તે જ સ્થાને વૃક્ષ થઇને ઉગવું પડે છે અને ધનની પ્રબળ

---

લોકો જેને અર્ધ નારીશ્વરનું ચિત્ર કહે છે તે જોવા જેવું છે. ખરૂં જોતાં જૈન મંદિરમાં એવું ચિત્ર સંભવતું જ નથી. બારીકાઇથી જોઇએ તો એ બન્ને ચિત્રો અલગ–અલગ છે એવી ખાત્રી થયા વિના ન રહે. પુરૂષનું માથું જટાભારવાળું છે તેનો મુકુટ પાછળથી ભૂંસાઇ ગયો હોય એમ લાગે છે. ઘણું કરીને રાજા મહેંદ્રવર્માનું જ એ ચિત્ર હશે.

કાંચીપુરના કૈલાસનાથ મંદિરમાં પણ એ જ યુગનાં આવાં સુંદર ચિત્રો જોવા મળે છે. જૈનો–જૈન શ્રીમંતો અને જૈન રાજા–મહારાજાઓ એક દિવસે ભારતીય કલા, સંસ્કૃતિ અને સ્થાપત્યના અગ્રગણ્ય પોષક હતા. આજે એ કળાપ્રેમ કમનસીબે ભૂંસાઈ ગયો છે. ભૂતકાળના ગૌરવની કથનીઓ એ જ આજે એકમાત્ર મુડી રહી ગઈ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાસનાને કારણે તે સ્થાને સર્પ થઇને રહે છે. આમ લોભ એ ભવાંતરમાં પણ પ્રાણીને મહાદુઃખદાયી બને છે.

તૃષ્ણા અને ઈચ્છાની સીમા જ નથી. તે બન્ને આકાશ જેટલા અનંત છે. જેમ જેમ તેની પૂર્ત્તિ કરશો તેમ તેમ તે બુભુક્ષિતની માફક વધુ ને વધુ માગ્યા કરશે. જો વિવેકપૂર્વક મન પર કાબૂ રાખી સંતોષવૃત્તિ રાખવામાં આવે તો જ તેનો ઉપશમ થાય છે. અન્યથા તો અગ્નિની માફક તે પોતાના સર્વભક્ષીપણાને વધાર્યે જ જાય છે.

માત્ર બે માસા સોનું લેવાની ભાવનાથી રાજદરબારમાં જનાર કપિલને તેના ભદ્રિકપણાથી પ્રસન્ન થઇ રાજાએ ઇચ્છા મુજબ માગવાનું કહ્યું. ત્યારે શું માગવું ? તેવી કિંકર્તવ્યમૂઢતાથી વિચાર કરવા સમય માગ્યો. રાજાએ હા કહી. કપિલ વિચારમાં પડ્યો. તૃષ્ણાએ કપિલજીના મગજનો અને હૃદયનો કબજો લીધો. બે માસા સોનાથી શું વળે ? તેનાથી બહુ તો ૫-૧૫ દિવસ નિર્ગમન થાય, પણ પછી તો હતા તેવા ને તેવા થઇ રહીએ. ત્યારે સો સોનામહોર માગી લઉં ? ગૃહસ્થાશ્રમના વિવિધ ખર્ચોમાં સો મહોર શું વીસાતમાં છે ? આમ ક્રમે ક્રમે હજાર, લક્ષ અને છેવટે અર્ધ રાજ્ય માગવા સુધીની ભાવનાએ પહોંચ્યા. ત્યાં વિચાર થયો કે અર્ધ રાજ્ય મળે ત્યાં સુધી તો હું રાજાનો બરોબરીઓ ગણાઉં તેમજ આખરે ભિક્ષુક ગણાઉં, માટે આ રાજાનું આખું રાજ્ય માગી લઉં. વિચારો,કે તૃષ્ણાએ ભદ્રિકદ્વિજને કેટલી હદ સુધી લોભમાં લપટાવી દીધો ? પરંતુ વીકટભવિ આત્મા હતો એટલે માત્ર તેમને નિમિત્તની જરૂર હતી. તૃષ્ણાનું આવું વિચિત્ર નિમિત્ત મળ્યું છતાં મન પાછું વળ્યું અને વિચાર્યું કે-હે જીવ ! તેં કેવા વિષમ ઘાટ ઘડ્યા ? જેણે તને માગવાનું કહ્યું તેને જ ભીખ માગતા કરવાની ઇચ્છા થઇ ? માટે આખું રાજ્ય માગવું તે ઠીક નહીં પણ અર્ધ રાજ્ય બસ છે. વળી વિચાર ફર્યો કે હે જીવ ! એ જંજાળને પણ તારે શું કરવી છે ? લક્ષદ્રવ્ય હશે તો પણ જીવન પર્યંત નહીં ખૂટે, માટે તેટલું માગી લેવું તે ઠીક છે. વળી સદ્‌વિચારણા સ્ફુરી કે બે માસાની ઇચ્છાએ આવનારને લક્ષદ્રવ્ય પણ શું કરવું છે ? ખરે જ મેં બહુ ખરાબ ચિંતવ્યું. હું વિદ્યાભ્યાસ અર્થે અહીં આવ્યો હતો. એક ગૃહસ્થે ઉદરનિર્વાહનો પ્રબંધ કરી દીધો. તેમાં હું યુવતી સાથે વિષયકીચમાં પડયો અને એ કૃત્યે મને અહીં માગવાની ફરજ પાડી. માગવાના વિચારમાં પણ હું ભાન ભૂલ્યો અને રાજાની ભલમનસાઇનો ગેરલાભ લેવા મેં ન કર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાના વિચાર કર્યા, માટે આ સર્વથી મારે સર્યું. મારે એક માત્ર મુનિવેષ જ હો. આ પ્રમાણે મનને સંવરભાવમાં લાવીને કપિલજીએ મુનિવેષ ધારણ કર્યો અને કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. આ ઉપરથી એ જોઇ શકાય છે કે આશા-તૃષ્ણાનો પાર જ નથી, માત્ર સંતોષરૂપ જળથી જ તૃષ્ણાનો અગ્નિ બૂઝાય છે.

સુંદરદાસે તૃષ્ણા માટે ઠીક જ કહ્યું છે કેઃ—

જો દશ વીશ પચાસ ભયે શત હુઈ હજાર તું લાખ મગેગી,
કોડી અબજ ખર્વ અસંખ્ય ધરાપતિ હોનેકી ચાહ જગેગી;
સ્વર્ગ પાતાળકો રાજ્ય કરો તૃષ્ણા અધિકી અતિ આગ લગેગી,
સુંદર એક સંતોષ વિના શઠ ! તેરી તો ભૂખ કબી ન ભગેગી.

આ વાતને ઉત્તરાધ્યયન સૂત્રકાર મહર્ષિના શબ્દો ટેકો આપે છે કે—

जहा लाहो तहा लोहो लाहा लोहो पवढई ।

અર્થાત્ કે જેમ જેમ લાભ વધે તેમ તેમ લોભ વધે જ. લાભથી લોભ પવર્દ્ધમાન–વૃદ્ધિ પામતો જ જાય. 'લોભને નહિં થોભ' એ કહેવત સત્ય છે અને તેથી જ પાંચમા પરિગ્રહપરિમાણવ્રતની યોજના છે કે જેથી અમુક હદ બાંધેલી હોય તેટલી ઇચ્છા.પૂર્ણ થયેથી વધારે દ્રવ્યોપાર્જન કરવાની ભાવના ન રહે; પરંતુ પરિગ્રહનું વ્રત લેનાર જો વિવેકશક્તિને બાજુએ રાખીને, પોતાના ગજા ઉપરાંતની રકમની છૂટ રાખી વ્રત લ્યે તો તે રકમ પૂરી થાય નહીં અને જીવને શાંતિના સ્થાનરૂપ સંતોષ આવે નહીં. એટલે વ્રતનો જે હેતુ છે તે બરાબર જળવાતો નથી તેમ છતાં જેઓ છૂટા હોય તેના કરતાં તો આવા પણ ઉત્તમ ગણાય એ નિઃશંક છે. બાકી તો લોભથી પ્રેરાઇને માણસ શું શું અનીતિમય દુષ્કૃત્યો નથી કરતો તે કહી શકાય તેમ જ નથી. એક લોભ આવ્યા પછી કલ્પનાતીત એવા કેટલાય દુર્ગુણો તેનામાં પ્રવેશ કરે છે. અન્યથા છ ખંડ પૃથ્વીના અધિપતિ એવા સુભૂમ ચક્રવર્તીને શું કમીના હતી કે તે બીજા છ ખંડ સાધવા ગયો ? આખરે પ્રબળ લોભના ફળરૂપ સમુદ્રમાં મૃત્યુ પામી નર્કગામી થયો. મમ્મણ શેઠને ત્યાં શ્રેણિક મહારાજા પણ આશ્ચર્ય પામે તેટલી અપાર સમૃદ્ધિ હતી તેમ છતાં તે તેલ ને ચોળા ખાતો હતો. અને અંધારી રાત્રીએ મુશળધાર વૃષ્ટિમાં નદીમાં તણાતા કાષ્ઠોને કાઢવા તે નદીમાં પડે છે. આવા અનંતાનુબંધી લોભથી પ્રાણીની નરક સિવાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજી કઇ ગતિ હોઇ શકે? અને તેથી જ તો "લોભે લક્ષણ જાય" એ કહેવાણું છે તે સત્ય જ છે. તેમજ 'લોભ પાપનું મૂળ' એ પણ એટલું જ સત્ય છે, કેમકે પાપકૃત્યોમાં પ્રેરણા કરનાર લોભ જ છે. આર્ત્ત-રૌદ્ર ધ્યાન કરાવનાર પણ લોભ છે અને અનેક અનિષ્ટોની પરંપરાને નોતરનાર પણ લોભ જ છે. મનુષ્યના નાના જીવનના ક્ષણિક અને ચપળ સુખો માટે આ લોભથી ભવિષ્યમાં કેટલી કર્મ-જંજીરો ઉભી થાય છે? કેટલું ભવભ્રમણ વધે છે? ખરેખર આવી સદ્‌વિચારણાના અભાવેજ મનુષ્યો લોભને આધીન થાય છે. સર્વ દર્શનકારોએ લોભનો ઉત્તમ પ્રતિકાર સંતોષ જણાવ્યો છે. અને તેથી જ ભાષામાં કહેવાણું છે કે-"સંતોષી નર સદા સુખી." જેના માનસિક વેગો શાંત થયા છે તેને કદી દુઃખ ન જ જણાય એ સ્વાભાવિક છે, કેમકે સુખ અને દુઃખ એ ખરી રીતે તો મનની કલ્પના જ છે. અમુકમાં સુખ કલ્પ્યું છે અને અમુકમાં દુઃખ કલ્પ્યું છે. એટલે તે વસ્તુની પ્રાપ્તિ વખતે સુખ--દુઃખના વેગ મનમાં ઉભરાય છે. એ બધી વૃતિઓને શાંત કરી અપૂર્વ સંતોષને ધારણ કરનારને આંગણે ચૌદ રાજલોકના રાજ કરતા પણ અધિક આનંદોત્સવ થાય છે. રૂની પુણીનો વ્યવસાય કરી સાત પૈસા જેવી નજીવી રકમ કમાઇ, મહાસંતોષી જીવન વીતાડનાર પૂણીયા શ્રાવક અને તેમની સામાયિક આજે પણ લોક જીહ્વાગ્રે છે તેમાં તેમનો મહાન્ સંતોષનો અને ઉચ્ચ મનોનિગ્રહનો પ્રતાપ છે.

પ્રાયે સર્વ મનુષ્યોના જીવનરૂપ થર્મોમિટરમાં ક્રમે ક્રમે લોભનો પારો કેમ ચડતો જાય છે તેને સહજ અવલોકીએ. જન્મ્યા ત્યારે માત્ર માતાનું સ્તનપાન કરવું એજ એક માત્ર વૃત્તિ હતી. કોરા કાગળ જેવું ઉજ્વલ અને ડાઘ વિનાનું મન તે વખતે હતું. શિશુપણામાં થોડા આગળ વધ્યા એટલે માતા-પિતાએ બાલક પરના સ્નેહથી રમકડાઓ, ઢીંગલા-ઢીંગલી, કોડીઓ વિગેરે ઘણી જાતની રમવાની વસ્તુઓ આપી. એટલે તે વખતે તેમાં જ વ્યામોહ રહ્યા કરતો કે-સર્વદા આટલું મળ્યા કરે તો ઠીક. પછી ઉમ્મર વધતી ગઈ એટલે માત-તાતે વિદ્યાભ્યાસ અર્થે નિશાળે બેસાડ્યા. ત્યાં ઇચ્છાએ કે અનિચ્છાએ, મારફાડ કરી, તોફાનો મચાવીને પણ પૂર્વસંસ્કાર અને ક્ષયોપશમ અનુસારે અભ્યાસ કરી વિદ્યાર્થી જીવનમાંથી નિવૃત્ત થયા. હવે ઉમ્મરલાયક થવાથી માતપિતાએ સ્ત્રી પરણાવવાનો વિચાર કર્યો. એટલે તેમાં વૃત્તિ બંધાઇ. લગ્નને શોભાવવા માટે સારા સારા વસ્ત્રો અને આભૂષણો તો જોઇએ જ ને? ત્યારે અત્તર, તેલ આદિ પણ જોઇએ તે વસ્તુઓ પણ મેળવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ધુમધામથી વરઘોડે ચડી પરણ્યા. હવે વિષયભોગમાં જ સર્વ સુખ આવીને રહ્યું છે એમ જ માન્યું, પણ કમાયા સિવાય કંઇ સંસારનો આનંદ સર્વદા ટકે તેમ છે ? નહિં જ. એટલે કમાવાની જંજાલમાં પડ્યા. તેમાં ભાગ્યે યારી આપી. કાંઇક કરણી ( ઉદ્યમ ) અને કાંઇકિ કર્મ ( પૂર્વકૃત ) એ ઉભયના યોગે સારી લાઇન પર ચડી જવાથી ઠીકઠીક દ્રવ્યોપાર્જન થવા લાગ્યું. ત્યારે વિચાર થયો કે આ ભાડાના ઘરમાં કયાંસુધી રહેવું ? ગમે તેમ કરીને પણ રહેવા લાયક એવું એક સારૂં મકાન તો જરૂર બંધાવવું જ. મકાન ચણાવતા વિચાર થયો કે ફલાણા ભાઇને જેવું મકાન છે તેનાં કરતાં હું કેમ ઓછો ઉતરૂં ? તેનાથી જરૂર સવાયું કરૂં તો જ ઠીક ગણાઉં. આ પ્રમાણે વાદેવાદે મકાન તો તૈયાર થયું, પણ કંઇ ખાલી મકાન તે શોભતું હશે ? માટે મકાનને લાયક ફર્નીચર તો અવશ્ય વસાવવું જ જોઇએ. એ વિચારથી પ્રેરાઈ ખુરશી, ટેબલ, કબાટ, પલંગ, આરામચેર, વિવિધ ચિત્રો, આયનાઓ વિગેરે નાના પ્રકારનું ફર્નીચર પણ મકાનમાં યથાયોગ્ય સ્થાને ગોઠવે છે. પૂર્વે ક્રમે ક્રમે ચડતાં છેવટે જે સુખ મકાનમાં માન્યું હતું તેથી પણ હવે તૃપ્તિ ન થઇ અને અભિલાષા વધી કે મકાન થયા પણ ગાડી વિના કંઇ ચાલી શકે ? આ યાંત્રિક યુગમાં એક સારી રોલ્સરોઇસ વસાવવી ઠીક છે. એ ઈચ્છાને પણ જ્યાં પૂર્ણ કરી ત્યાં નવીન ભાવના તો ઉદ્ભવી જ છે કે જગત જેને સુખત્રયી માને છે તે લાડી, ગાડી ને વાડી માંહેની બે વસ્તુઓ તો મળી પણ હવે એક માત્ર વાડી યાને બાગબગીચાની અપૂર્ણતા રહી ગઇ છે એટલે તે થાય તો ઠીક આ વિચારથી પ્રેરાઈ, વિવિધ ફળ–ફૂલથી લચી પડતા મનોહર બાગ બગીચો પણ બનાવ્યો. મોટર ચલાવવા માટે શોફર અને બગીચા માટે માળી વિના ચાલે તેમ હતું ? નહીં જ એટલે તેઓને પણ રાખ્યા. હવે આ સર્વ વૈભવ નિભાવવા માટે પૈસાની તો પ્રતિક્ષણે જરૂર પડે જ એટલે તેને માટે લોભથી પ્રેરાઇ કાળા–ધોળાનો હિસાબ ગણ્યા વિના અવિરતપણે પૈસાની પાછળ તે પ્રાણી પાગલ બને છે. આપણે જોઇ ગયા કે એક એક વસ્તુની ઇચ્છા થતી ગઈ અને તે તે વસ્તુને પ્રાપ્ત કરી તેથી તૃષ્ણાની તૃપ્તિ થવાને બદલે તે તો વૃદ્ધિંગત થતી જ ગઇ. આથી વિપરીત તેના પ્રતિકારરૂપ સંતોષી જીવનનું રૂપક ઘટાવીયે. તે ભાડાના ઘરમાં રહે છે છતાં તેમાં તે હરસમયે આનંદ માને છે, કેમકે તે એમ માને છે કે આ શરીર પણ ભાડે લીધેલ ઘર જેવું જ છે ને ? તેને પણ એક વખત તો ખાલી કરવું જ પડશે, તો પછી આ બાહ્ય ઘર માટે આટલો બધો વ્યામોહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શા માટે રાખવો જોઇએ ? તેની એ નાની મઢુલીમાં પણ એ એક શ્રીમાન્ કરતાં પણ બહુ આનંદથી રહે છે. ખડી અને ગારથી લીંપેલી તેની સ્વચ્છ મઢુલીમાં દૈનિક જીવનક્રમમાં ખાસ આવશ્યક એવી અલ્પમૂલ્ય ચીજો વ્યવસ્થિત રીતે ગોઠવી છે કે જેથી તેના રક્ષણુ માટે ફીકર ન રહે અથવા ન તો ચોરનો ભય રહે. પોતાના ભાગ્યાનુસાર પોતાને પ્રાપ્ત થયેલ સ્ત્રી–સંતાનમાં તેને સંતોષ છે. તેની વૃત્તિ બીજે કયાંઈ ભટકતી નથી. તે પ્રમાણિકપણે વ્યવસાય કરે છે અને તેમાંથી જે કાંઇ મળે છે તેના ઉપભોગમાં તે આનંદ માને છે. કુદરતે આપેલી પગરૂપ ગાડી કરતાં બીજી એકે ગાડી તેને મોહ પમાડતી નથી. ફરવા માટે સ્થાનો કયાં થોડા છે કે મારાપણાની છાપની ભાવના જાગે ? ધર્મકાર્યનો સમય તો તેણે નિયત કરેલો જ હોય છે કે જેથી તે વખતે ગમે તેવા કાર્યને પણ છોડીને તે આત્માના પોષણની એ ક્રિયા તો અવશ્ય કરેજ છે. સત્સંગ હોય ત્યાં તો તે પહોંચી જ જાય છે. આ પ્રમાણે સંતોષીના જીવનના વેગો શાંત થયેલા હોવાથી તેને પરમાનંદની પ્રાપ્તિ છે. સ્વામી રામે એક ઠેકાણે તો આ ભાવાર્થનું લખ્યું છે કે—

“ તૃષ્ણારૂપ એંજીનને પ્રવેશ કરવા દીધું એટલે અનેક જાતની ઉપાધિઓ, જંજાળો, દુઃખો ઇત્યાદિરૂપ વેગનો કે જે એંજીનની પાછળ વળગેલ છે તે પણ તમારી હદમાં–તમારા અંતઃકરણમાં–તમારા જીવનમાં પ્રવેશ કરશે અને તે સર્વ વેગનો તમારી પાસે ઠલવાશે. આમાં શાંતિ કયાંથી સંભવી શકે ? ” અસ્તુ !

ઉપરોક્ત લેખમાં ચારે કષાયોનું યથામતિ પૃથક્કરણ કર્યું છે. સર્વથા નહી તો અંશે પણ એ કષાયોમાંથી નિવૃતવાની ભાવના જાગી, કષાયોથી “ પ્રતિક્રમણ ” ( પાછા ફરવાનું ) બને તો જ લખ્યું–વાંચ્યું સાર્થક ગણી શકાય. લેખક, વાંચક સર્વમાં ક્રોધને સ્થાને ક્ષમા, માનને સ્થાને નમ્રતા અને વિનયતા, માયાને સ્થાને ઋજુતા–સરળતા અને લોભને સ્થાને સંતોષ પ્રગટો અથવા એ ભાવના પણ હ્રદયમંદિરમાં પ્રતિષ્ઠિત થાઓ એમ ઇચ્છીએ. ( કેમકે ભાવના ભવનાશિની ગણાય છે. ભાવનાની પ્રેરણાથી જ દરેક કૃત્યો બને છે. એટલે ઓછામાં ઓછું તે તે કષાયો પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન થઈ, હ્રદયમાં તેથી વિરૂદ્ધના ઉચ્ચ ગુણોને સંપ્રાપ્ત કરવાની ભાવના પણ સૌ કોઇમાં પ્રગટે એવી શુભેચ્છા રાખીએ ) અસ્તુ ! ॐ शान्तिः शान्तिः

રાજપાળ મગનલાલ વ્હોરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મારામજી શતાબ્દિ

જ્યારથી શતાબ્દિનો પ્રશ્ન ઉદ્‌ભવ્યો છે ત્યારથી જુદા જુદા દૃષ્ટિ-બિન્દુદ્વારા એ સંબંધી ચર્ચાઓ ચાલી રહી છે અને હજુ યે ઉજવાશે ત્યાં સુધી ચાલુ પણ રહેશે, એથી એક રીતે આખોયે સવાલ જીવંત રહે છે એમ કહીએ તો ચાલે. એથી તો લાભ જ થાય.

જૈનસમાજ માટે સો વર્ષની ઉજવણી એ કદાચ નવો પ્રસંગ લેખાય, પણ રાજ્ય કરતી પ્રજામાં અને એ દ્વારા આપણામાં પ્રવેશેલા વિચારોના બળથી ઉજવાતા રૌપ્ય, સુવર્ણ કે હીરક મહોત્સવો તરફ દૃષ્ટિ કરતાં આ પ્રશ્ન એટલો બધો નવિન ન જ લેખાય.

ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિજીને જન્મ્યા લેખે ગણતાં આવતા ચૈત્ર માસમાં સો વર્ષ પૂરાં થશે. જેઓ આજે જૈન સમાજમાં પ્રવર્તી રહેલી સ્થિતિ ઉઘાડી આંખે જોઈ રહ્યાં છે અને જેઓને સાધુસંસ્થા સાથે આછો-પાતળો કે ઝાઝો પરિચય છે, તેઓ વિના જોખમે કહી શકે કે નજદિકના સમયમાં આત્મારામજી મહારાજ એ જબરદસ્ત વ્યકિત સ્વરૂપે થઈ ગયા. સારાયે હિન્દમાં ચોતરફ દૃષ્ટિ ફેંકતાં તેઓશ્રી માટે એકધારૂ માન સર્વત્ર જણાશે. પાલીતાણામાં સંઘે એમને આચાર્ય પદવી આપી ત્યારે પણ હિન્દના ચારે ખૂણેથી જૈન સમાજના નામાંકિત ગ્રહસ્થો આવેલા અને એ સર્વેએ સાથે મળી એકી અવાજે એ મહાપદવીનો અભિષેક કરેલો. આ ઉપરથી એ મહાત્માના વ્યકિતત્વની કેવી છાપ હશે એ સહજ સમજાશે તેઓશ્રીનું ચરિત્ર વાંચતા આ વાત સ્પષ્ટ સમજાય તેમ છે. એવા મહાપુરુષના નામ સાથે એકાદ પ્રસંગ જોડી જૈનધર્મ તેમજ સમાજને ઉપયોગી કોઈ સંસ્થાના મંડાણ થાય તો એ આનંદજનક પ્રસંગ વધાવી લેવો જોઇએ.

શતાબ્દિ નિમિત્તે જે ફંડ એકત્ર થાય છે તે સાથે જે ઉદ્દેશો જોડવામાં આવ્યા છે, એ જોતાં સૌ કોઇ જોઈ શકે તેમ છે કે એ દ્વારા જૈન સાહિત્યની સુંદર સેવા બજાવી શકાય.

અત્યારના સમયે જૈનધર્મને જીવંત રાખનારા સાધનોમાં 'મૂર્તિ અને આગમ' એ બે મુખ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર અને સમાલોચના

**૧ ગરવી ગુજરાત**—લેખક રસિકલાલ જ. જોશી. સંપાદક રમણલાલ નાનાલાલ શાહ. ગુર્જર બાલ ગ્રંથાવલી વર્ષ બીજું પુસ્તક ૩ જું. ગુજરાતના સાત રાજવીઓના વૃત્તાંત સરલ અને સાદી ભાષામાં આ ગ્રંથાવલીમાં આપેલા છે, જે ખરેખર રસિક અને બાળઉપયોગી બન્યા છે કે જેનો લાભ બાળકોને ખાસ આપવા જેવું છે. કિં. સાત આના.

**૨ જગતના જંગલમાંથી**—પરિચય કરાવનાર પ્રિયવદન ગિરધરલાલ બક્ષી સંપાદક રમણલાલ નાનાલાલ શાહ. ભેગાં કરેલાં થોડાક જાનવરોનો પરિચય સચિત્ર, બાળકોને વાંચન સાથે ગમ્મત પડે અને રસપૂર્વક વાંચે તેવી સાદી ભાષામાં આ બુકમાં આપવામાં આવ્યો છે. બાળ સાહિત્ય હમણાં હમણાં જેટલું પ્રસિદ્ધ થાય છે તેમાં આવા નંબર ૧-૨ જેવા અનેક ગ્રંથો ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ ( ગાંધીરોડ ) તરફથી

---

**આજે ભારતવર્ષમાં મૂર્તિઓ ચોતરફ દૃષ્ટિગોચર થાય છે એટલે એ સંબંધે નવી આવૃત્તિની જરૂર નથી. એ મૂર્તિઓ ભાવપૂર્વક પૂજાતી રહે કિંવા એની રક્ષાસેવાનો પ્રબંધ સુંદરતાથી થઇ શકે એ તરફ અવશ્ય ધ્યાન દેવાની જરૂર છે.**

**બીજું સાધન આગમ. આજે એના પ્રકાશન જુદી જુદી સંસ્થાઓદ્વારા ભિન્ન ભિન્ન રીતે થઇ રહ્યાં છે છતાં એટલાથી જરૂરીયાત પૂરી પડતી નથી. એ સંબંધમાં એકાદ સંસ્થા મારફતે સંગીન કાર્ય કરવાની અગત્ય છે. શતાબ્દિ ફંડ જો સારા પ્રમાણમાં એકત્ર થાય અને એને સારાયે હિન્દના જૈનો તરફથી હાર્દિક ટેકો મળે તો એ દ્વારા ઇપ્સિત કાર્યનો પ્રારંભ કરી શકાય, એ યોજના સંબંધી વિચાર આગળ પર રાખી એટલું કહેવાનું કે આજે પ્રત્યેક જૈનની એ પહેલી ને આવશ્યક ફરજ છે કે પોતાની યથાશક્તિ મદદ એ આ શતાબ્દિફંડમાં જેમ બને તેમ સત્વર પહોંચતી કરે.**

**જૈન સાહિત્યના ઉદ્ધાર અર્થે કંઇ ને કંઇ ફાળો અર્પવામાં ભાગ્યેજ કોઇ જૈન પાછીપાની કરે.**

**ચોકસી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રગટ થતું આ બાલ સાહિત્ય પ્રથમ કક્ષામાં આવે છે. અમે દિવસાનુદિવસ આવા બાલ સાહિત્યની આ થતી અભિવૃદ્ધિની વિશેષ પ્રગતિ ઇચ્છીએ છીએ. કિંમત પાંચ આના.

૩ **શ્રીમદ્ આનંદવિમળસૂરીશ્વરજી** મહારાજ તથા ૪ **શ્રીજ્ઞાનવિમળ સૂરીશ્વરજી** મહારાજનું વિશિષ્ટ આદર્શ જીવનચરિત્ર. લેખક અને પ્રકાશક પંન્યાસજી મહારાજ **રંગવિમળજી** મહારાજના શિષ્ય મુનિશ્રી **કનકવિમળજી મહારાજ.** આ બંને મહાપુરુષોના જીવનવૃતાંત ઐતિહાસિક દૃષ્ટિએ લેખક મુનિમહારાજે સાદી ભાષામાં લખી ગુરૂભક્તિ બતાવી છે. મહાપુરૂષોના અભાવે તેઓશ્રીની મહત્તા, ગુરૂભકિત વગેરે ભવિષ્યની પ્રજા અને પરિવારને ગૌરવશાળી બનાવે છે. મહાપુરુષોના જીવનવૃતાંત મનન, શ્રદ્ધા અને રસપૂર્વક વાંચવાથી સમ્યક્ત્વની વૃદ્ધિ સાથે ગુરૂભક્તિ થાય છે. કિંમત નહિં રાખતાં ભેટ આપવાની શુભઇચ્છા ધન્યવાદને પાત્ર છે.

અમારી લેખક પ્રકાશક મુનિમહારાજને વિનંતિ છે કે પ્રકાશક તરીકે આપના નામને બદલે કોઈ સંસ્થા કે જૈનગૃહસ્થનું નામ યોગ્ય લાગે છે.

**જૈનોની શિક્ષણ સમસ્યા**—લેખક ધીરજલાલ ટોકરશી શાહ, જ્યોતિ ગ્રંથમાળા પુષ્પ ૨ જું. લેખક મહાશયનો આ એક નિબંધ છે. જેમાં શિક્ષણ અને સમયકત્વ, ધાર્મિક શિક્ષણ, શિક્ષણની અવિભાજ્યતા, આજે શેની જરૂર છે ? ઉકેલના રસ્તા, આ પાંચ નિબંધો શિક્ષણની દૃષ્ટિએ યોજવામાં આવ્યા છે મગજે મગજે ભલે ભિન્ન ભિન્ન મત હોય, પરંતુ આમાં આવેલા વિષયોમાં લેખક બંધુએ અનુભવેલું, જોયેલું, વિચારેલું તે બહુ જ સાદી અને સરલ રીતે આલેખ્યું છે. જૈન સમાજે પણ સમાજનાં શિક્ષણ માટે ઘણું કરવાનું છે અને શું કરવાનું છે તે આ નિબંધોમાંથી કેટલુંક જાણવાનું મળે છે. શિક્ષણના જિજ્ઞાસુઓએ આ નિબંધ ખાસ મનનપૂર્વક વાંચવા અને બની શકે તેટલો બંધબેસતો હોય તેટલો પોતાના ગામ શહેર વગેરેમાં શિક્ષણ માટે ફેરફાર કે સુધારો કરવાની જરૂર છે.

મળવાનું સ્થળ જ્યોતિ કાર્યાલય-અમદાવાદથી મળી શકશે. આ ગ્રંથમાળાના ગ્રાહક થઇ ઉત્તેજન આપવાની જરૂર છે.

## સુધારો

ગયા અંકના પેજમાં "રામપ્રસાદી" બુકની સમાલોચનામાં " **સ્વામી રામતીર્થ** ને બેંગાલમાં જન્મ્યા અને સ્વામીશ્રી વિવેકાનંદના શિષ્ય જણાવ્યા છે," પરંતુ સ્વામી રામતિર્થ બેંગાલમાં નહિં પરંતુ પંજાબના મુરાલીવાલા નામના નાના ગામડામાં જન્મ્યા હતા અને સ્વામી શ્રી વિવેકાનંદના શિષ્ય નહોતા પણ તે સમાલોચનામાં જણાવ્યા પ્રમાણે અમેરિકા અને યુરોપમાં જઇ તત્ત્વજ્ઞાનનો સારો ફેલાવો કર્યો હતો.

**જીવનચરિત્ર માટે અભિપ્રાય**—આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી ( અપરનામ આત્મારામજી ) ના જીવનચરિત્રના લેખ માટે નીચે પ્રમાણે લખે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વાગત

## " ન્યાયાંભોનિધિ શ્રી વિજયાનંદસૂરિ "

" **આ** પુસ્તકના પ્રકાશનથી **જૈન** સાહિત્યમાંના તદ્દન અણખેડાયેલા 'જીવનચરિત્રો' ના સાહિત્યમાં એક નવો જ પ્રાણ પૂરાયો છે, અને અરસિક અને વાંચતાં કંટાળો આવે એવી શૈલીથી લખાયેલાં ચરિત્રોમાં પરિવર્તનની નવિન દિશા ઉઘડી છે. મૂળે જ આપણું 'ચરિત્ર' સાહિત્ય ઘણું ઓછું છે અને તે પણ કળાહીન, અણઘડ ભાષા, યથાર્થ પ્રસંગ નિરૂપણનો અભાવ, અરૂચિકર શૈલી, બનાવોની તારવણીની કળાની ખામી, જીવન ઉપર પ્રકાશ ફેંકે તેવા પ્રસંગો જતા કરી, બીનજરૂરી જાહોજલાલી, સામૈયાં અને માનમરતબાનાં લાંબા-ચોડાં વર્ણનોથી ભરેલું. પુસ્તકોના બાહ્યવેશ જોઇએ તે પણ એવા જ.

**શ્રી** આત્મારામજી મહારાજનું જીવનચરિત્ર જોઇએ તેટલી ઐતિહાસિક સામગ્રીના અભાવ છતાં મારા મતે 'સંપૂર્ણ' છે. ભાષા, શૈલી, વિશિષ્ટ પ્રસંગોનું આલેખન અને તેનો બાહ્ય ઉઠાવ એ બધું જ આપની 'નામીચી' કલમને શોભા આપે તેવું છે. એક નવલકથા વાચકનો જેટલો રસપ્રવાહ જાળવી રાખે છે તેટલો જ રસપ્રવાહ જીવનચરિત્ર જાળવી શકે છે એમ આ ચરિત્રના હરકોઇ વાચકને, મારી પેઠે લાગશે. જેમ શ્રી આત્મારામજી જૈન મુનિમંડળમાં યુગપ્રવર્તક છે તેમજ ચરિત્ર સાહિત્યમાં તેમનું જીવનચરિત્ર યુગપ્રવર્તક છે. જૈન સાધુઓ અને આચાર્યોનાં ભવિષ્યમાં લખાનારાં જીવનચરિત્રો વંચાય એવો લેખકોનો અગર પ્રકાશકોનો હેતુ હોય તો આપની શૈલીનું અનુકરણ કર્યે જ છૂટકો છે. આપ શ્રી આત્મારામજી મહારાજની જીવનમીમાંસાને જે ન્યાય આપી શકયા છો તે ભાગ્યે જ બીજો કોઇ લેખક આપી શકત.

**નાગકુમાર મકાતી**
બી. એ. એલએલ. બી.
**વડોદરા**

---

### શેઠ. કાન્તિલાલ મગનલાલ ઝવેરીનો સ્વર્ગવાસ.

તેઓશ્રી આ સભાના માનવંતા લાઇફ મેમ્બર હતા અને આ સભા ઉપર પ્રેમ ધરાવતા હતા. તેઓ ફક્ત પાંત્રીશ વર્ષની ભરયુવાન વયે તા. ૧૭-૧૦-૧૯૩૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમના અવસાનથી આ સભાને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

તેમના કુટુંબીઓ અને સ્વજનોને દિલાસો આપીએ છીએ અને પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ કે તેમના આત્માને શાંતિ અર્પો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


ઘણી થોડી નકલો છે. જલદી મંગાવો...

## શ્રી કર્મગ્રંથ. (૪) મૂળ.

છેલ્લામાં છેલ્લી ઢબે તૈયાર કરેલ **શ્રી દેવેન્દ્રસૂરિકૃત સ્વોપજ્ઞ** ટીકા યુકત **ચારકર્મ-ગ્રંથ** કે જે આગળ બહાર પાડેલ આવૃત્તિઓમાં રહેલ અશુદ્ધિઓનું તેમજ આખા ગ્રંથનું (અગાઉ છપાયેલ કોઇ આવૃત્તિઓનો નહિ) પરંતુ બે તાડપત્રીય પ્રાચીન પ્રતો અને ત્રણ પ્રાચીન કાગળની પ્રતોનો ઉપયોગ કરી એનું સંશોધન ઘણીજ પ્રમાણિક રીતે કર્યું છે. કાળજીપૂર્વક સંશોધન મુનિરાજ શ્રી **ચતુરવિજયજી** મહારાજે તેમજ તેમના વિદ્વાન શિષ્ય સાક્ષરોત્તમ મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે આ ગ્રંથને સુધારવા તથા સંપાદનને લગતાં કાર્યમાં કિંમતી હિસ્સો આપવાથી જ આવો શુદ્ધ અને સુંદર કર્મગ્રંથના અભ્યાસીઓ માટે અતિ ઉપયોગી અને ઉપકારક આ ગ્રંથ અમો પ્રગટ કરી શકયા છીએ.

સ્થળે સ્થળે પેરેગ્રાફ પાડીને વિષયોને છુટા પાડેલા છે અને દરેક સ્થળે પ્રમાણ તરીકે અનેક શાસ્ત્રીય પાઠો, તે કયા ગ્રંથો માંહેના છે તેના પણ નામો, તેના ટીપ્પણો આપેલા છે. છેવટે છ પરિશિષ્ટોમાં પ્રથમ ટીકાકારે પ્રમાણ તરીકે ઉદ્ધરેલ શાસ્ત્રીય પાઠો, ગાથાઓ અને શ્લોક વગેરે અકારાદિક્રમ પ્રમાણે આપેલ છે. બીજા અને ત્રીજામાં ટીકામાં આવતા ગ્રંથો અને ગ્રંથકારોના નામોનો ક્રમ ચોથા કર્મગ્રંથમાં અને ટીકામાં આવતા પારિભાષિક શબ્દનો કોષ, પાંચમાં ટીકામાં આવતાં પિંડપ્રકૃતિસૂચક શબ્દોનો કોષ અને છેલ્લામાં વર્તમાનમાં ઉપલબ્ધ થતાં શ્વેતામ્બર–દિગમ્બર સંપ્રદાયના કર્મવિષયિક સમગ્ર સાહિત્યની નોંધ આપવામાં આવી છે.

ઉંચા એન્ટ્રીક કાગળો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર શાસ્ત્રીય ટાઇપોથી છપાવી સુંદર બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. **આ ગ્રથને અંગે મળેલ આર્થિક સ્હાય થયેલ ખર્ચમાંથી બાદ કરી** માત્ર રૂા. ૨–૦–૦ બે રૂપીયા (પોસ્ટેજ જુદું) કિંમત રાખવામાં આવેલ છે.

શ્રી ભદ્રબાહુસ્વામીવિરચિત-

## श्री बृहत् कल्पसूत्रम्–

(મૂળ, ભાષ્ય, ટીકા સહિત પુસ્તક ૧ લું પીઠિકા.)

અતિમાન્ય આ છેદસૂત્રનો પ્રથમ ભાગ પ્રાચીન ભંડારોની અનેક લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ અને મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે. નિરંતર ઉપયોગી ધાર્મિક રીતરિવાજોની પરિપાટી અને પરંપરા વિસરાતી જાય છે તેવા કાળમાં આ પ્રકાશન કેવું આવકારદાયક થઇ પડે છે તે તેનાં વાચકો સમજી શકે તેવું છે. આ સૂત્રના પ્રકાશનના પ્રારંભમાં તેની ઉપયોગિતા શું છે? છેદસૂત્ર માટે જૈન સમાજની શું માન્યતા છે? તે માટે મુનિરાજશ્રી **પુણ્યવિજયજી** મહારાજે પ્રાસંગિક નિવેદન સર્વ કોઇ સમજી શકે તે માટે ગુજરાતી ભાષામાં વિદ્વત્તાપૂર્ણ આપેલ છે. પ્રસ્તાવના વિગેરે સર્વ કોઇ સમજી શકે માટે ગુજરાતીમાં આપેલ છે. કિંમત રૂા. ૪–૦–૦ પોસ્ટેજ બાર આના.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# અમારૂં પ્રકાશન ખાતું.

## છપાયલા ગ્રંથો.

(મૂળ.)

| | | |
|---|---|---|
| ૧ | શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ. | રૂા. ૩-૮-૦ |
| ૨ | શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ દ્વિતિય અંશ. | રૂા. ૩-૮-૦ |
| ૩ | શ્રી બૃહતકલ્પસુત્ર પ્રથમ ભાગ. | રૂા. ૪-૦-૦ |
| ૪ | શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા ચાર કર્મગ્રંથ (શુદ્ધ) | રૂા. ૨-૦-૦ |

## છપાતાં ગ્રંથો.

૫ શ્રી વસુદેવ હિંડિ ત્રીજો ભાગ.
૬ શ્રી બૃહત્કલ્પસૂત્ર બીજો ભાગ.
૭ પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ.
૮ શ્રી ગુણચંદ્રસૂરિ કૃત શ્રી મહાવીર ચરિત્ર. ભાષાંતર

## ગુજરાતી ગ્રંથો.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર. (તૈયાર છે.) | રૂા. ૦-૨-૦ |
| ૨ | શ્રી સામાયક સૂત્ર. મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. | રૂા. ૦-૨-૬ |
| ૩ | શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ ,, ,, | રૂા. ૦-૧૦-૦ |
| ૪ | શ્રી પંચ પ્રતિક્રમણ સુત્ર ,, ,, (શ્રી જૈન એજ્યુકેશનબોર્ડે જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ). | રૂા. ૧-૪-૦ |
| ૫ | શ્રી શત્રુંજય તીર્થ વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ | રૂા. ૦-૪-૦ |

## શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝ.

(ગ્રંથમાળા) તરફથી પ્રકાશિત થયેલા અને થતાં પુસ્તકો.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્ર મૂળ | ૦-૨-૦ |
| ૨ | પ્રાકૃતવ્યાકરણ (અષ્ટમાધ્યાય સૂત્રપાઠ) | ૦-૪-૦ |
| ૩ | શ્રી વીતરાગ-મહાદેવ સ્તોત્ર મૂળ સાથે ભાષાંતર | ૦-૪-૦ |
| ૪ | શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (શ્રી આત્મારામજી મહારાજ) નું જીવનચરિત્ર | ૦-૮-૦ |

## છપાતાં ગ્રંથો.

૧ ચારિત્રપૂજા, પંચતીર્થ પૂજા, શ્રી પંચપરમેષ્ઠી પૂજા (ગુજરાતી અક્ષરમાં)
૨ શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ.
૩ શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર (મૂળ દશ પર્વ) પ્રત તથા બુકાકારે. (નિર્ણયસાગર પ્રેસમાં)
૪ ધાતુપારાયણ.
૫ શ્રીવૈરાગ્ય કલ્પલતા (શ્રી યશોવિજયજીકૃત)

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only